# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૪/૦૫/૨૦૧૫ થી તા.૧૦/૦૫/૨૦૧૫

*(૧) વિરમગામ રૂરલ પો.સ્ટે. ૧૧૨/૧૫ આર્મ એકટ ૨૫(૧-બી) એ, ૨૯*

***ગેરકાયદેશર હથીયાર વેચાણ કરતા મુખ્ય સુત્રધાર સહિત કુલ- ૭ ઇસમો ને ઝડપી કી.રૂ. ૧,૪૨,૬૫૦ /- ના ૧૦ હથિયાર રીકવર કરતી અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી***

રાજ્યમાં ધાડ, લૂંટ, લૂંટ વીથ મર્ડર અને ખંડણી જેવા ગંભીર કહી શકાય તેવા ગુન્હામાં ફાયર આર્મ્સ નો ગુન્હેગારો ધ્વારા છુટથી ઉપયોગ થતો હોવાના મીડીયા ધ્વારા પ્રગટ થતા રોજ બ રોજ ના અહેવાલ/સમાચારો અન્વયે અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી નિર્લિપ્તરાય સાહેબ શ્રી નાઓએ પો.સ.ઇ. શ્રી એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય નાઓને ચોક્કસ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના કરેલ જે અનુસંધાણે પો..સ.ઇ.શ્રી એ.વાય.બલોચ અને એલ.સી.બી ટીમે ચોક્કસ દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી ગેગ સંબધે માહિતિ એકઠી કરવા ચક્રો ગતિમાન કરેલ તેના ફળ સ્વરૂપે અમદાવાદ ગ્રામ્ય જીલ્લા ના પોલીસ વડાશ્રી નિર્લિપ્તરાય સાહબેશ્રી ની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી, અને એલ.સી.બી.,ટીમે ચોક્કસ બાતમી આધારે વિરમગામ તાલુકાના વેકરીયા ગામની સીમમાં આવેલ મોટી કિશોલ ત્રણ રસ્તા પાસે ના મેલડીમાતાજી ના મંદિર નજીક વોચ ગોઠવી ભારે જહેમત થી ગેરકાયદેશર હથીયારનો વેપાર કરતા ગેગના મુખ્ય સૂત્રધાર સહીત સાત ઇસમો ને ૧૦ ગે.કા હથીયાર સાથે એલ.સી.બી ટીમે ઝડપી પાડેલ

***કી.રૂ. ૧,૪૨,૬૫૦ /- ની કિમતના હથિયાર -૧૦ તથા જીવતા કારતુસ નંગ- ૮ સાથે મૂખ્ય સૂત્રધાર સહિત કુલ- ૭ ઝડપયા***

(૧) ગોરસીંગ સુકીયાભાઇ મેડા ઉ.વ-૨૨ રહે. ગામ જરીખુર્દ તા.જી.દાહોદ

(૨) મહેન્દ્ર દિલીપભાઇ જાતે માવી ઉ.વ-૨૩ રહે. ગામ નગરાળા તા.જી.દાહોદ

(૩) તાજુદ્દીનભાઇ હમીરભાઇ જાતે સંધી ઉ.વ-૪૮ રહે. ગામ – કાયલા તા. વિરમગામ જી.અમદાવાદ

(૪) અમીરભાઇ વલ્લીભાઇ જાતે- જાવલીયા (સમા) ઉ.વ- ૨૯ રહે. ગામ વેકરીયા તા. વિરમગામ જી.અમદાવાદ

(૫) અલ્લાઉદ્દીન ઉર્ફે કાળુ કાસમભાઇ અલવાણી (સમા) ઉ.વ-૨૮ રહે. ગામ વેકરીયા તા. વિરમગામ જી.અમદાવાદ

(૬) હુસેન ઇસ્માઇલભાઇ જાતે- ફકીર ઉ.વ-    ગામ વેકરીયા તા. વિરમગામ જી.અમદાવાદ

(૭) હકીમ જમાલભાઇ જાતે- ભરામાણી ઉ.વ-૩૦ રહે.   ગામ વેકરીયા તા. વિરમગામ જી.અમદાવાદ

નાઓને દેશી હાથ બનાવટ ના મશીન કટ તંચમા -૪ કી.રૂ. ૧૨,૦૦૦/- તથા દેશી હાથ બનાવટની રિવોલ્વર -૧ કી.રૂ. ૧૦,૦૦૦/- તથા દેશીહાથ બનાવટની પીસ્તલ નંગ ૦૫ કિ.રૂ ૫૦,૦૦૦/- તથા જીવતા કાર્ટીશ મોટા-૫ તથા નાના -૩ મળી કુલ-૮ કિરૂ ૬૫૦/- તથા બુલેટ નં જીજે ૨૦ એસ ૦૮૬૭ કિ રૂ ૭૦,૦૦૦/- મળી કુલ રૂ ૧,૪૨,૬૫૦/- ના મુદ્દામાલ સાથે સાત ઇસમો ની અટકાત કરી આગવી ઢબે પૂછપરછ માં મુખ્ય સૂત્રધાર અ.નં.-૧ એમ.પી થી મેળવી સ્થાનીક અ.ન. ૩ મારફતે વેચાણ કરતો હોવાની કેફીયત આધારે ભૂતકાળમાં કોઇ હથિયારો વેચેલ છે કે કેમ ? કોને કોને વેચેલ છે. તથા એમ.પી ના ક્યા શખ્શ સ;ડોવાયેલ છે. અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ સારૂ આરોપીઓ ના રીમાન્ડ મેળવવા તજવીજ કરી તપાસ હાથ ધરેલ છે.

## ગંભીર ગુન્હો બનતો અટકાવવામાં પોલીસ ને મળેલ સફળતા

અત્રે નોધનિય છે કે ઝડયાયેલ ઇસમો કાયલો અને વેકરીયા ગામના છે જે ગામોમાં એકજ કોમમાં આંતરીક મન દુઃખ અને જુથ બંધી માં ભૂતકાળમાં જુથ અથડામણ માં ખૂન નો બનાવો બનેલા છે. આમ, આ ઝડપયેલ ઇસમો કોઇ ગંભીર બનાવને અંજામ આપે તે પહેલા ઝડપી પાડતા ગંભરી ગુન્હો બનતો અટકવવાની ની લાગણી પોલીસ અનુભવી રહેલ છે.



## (૨) કોઠ પો.સ્ટે. હદના રાયપુર ગામે વુધ્ધાના ચકચારી ખૂન કેશનો ગણતરીના કલાકો માં ભેદ ઉકેલી મારક હથિયાર સાથે આરોપીને ઝબ્બે કરતી અમદાવાદ ગ્રામ્ય પોલીસ

ગઇ તા.૨-૩/૦૫/૧૫ રાત્રીના સમયે ઉનાળા ની ગરમીની સીઝનના કારણે મરણ જનાર લીલાબેન વા/ઓ મફતભાઇ લાલજીભાઇ કો.પટેલ ઉ.વ. ૬૦ નાઓ પોતાના ફળીયામાં સુતા હતા તે દરમ્યાન રાત્રીના સમયે કોઇ અજાણ્યા ઇસમે કોઇ અજ્ઞાત કારણોસર મરણજનાર ને કોઇ તીક્ષ હથીયાર થી ગળાના ભાગે બે તથા પેટના ભાગે એક ઘા મારી મોત નિપજાવેલ તે સંબઘે કોઠ પો.સ્ટે. ખાતે ખૂન નો ગુન્હો નોધાયેલ જે ગુનાની ગંભીરતા ધ્યાને લઇ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી નિર્લિપ્તરાય સાહબેશ્રી નાઓએ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી ને ખાસ સુચના કરેલ તેના ભાગરૂપે પો.સ.ઇ.શ્રી એલ.સી.બી અને ટીમે ગુન્હાવાળી જગ્યાની વીઝીટ કરી ફરીયાદી/સાહેદો ની પૂછપરછમાં બનાવમાં લૂંટનો ઇરાદો કે કોઇ દુશ્મનાવટ હોવાનુ જણાયેલ નહિ જેથી કોઇ જાણ ભેદુ એજ ગુન્હો આચરેલાનુ જણાતા ચોક્કસ દીશામાં ધ્યાન કેન્દ્રીત કરી ગુન્હો શોધવા ચ્રકો ગતીમાન કરેલ તેના ફળ સ્વરૂપે પો.સ.ઇ. શ્રી એલ.સી.બી અને ઝેડ.જે મલેક પો.સ.ઇ શ્રી કોઠ પો.સ્ટે અને ટીમે ચોકકસ બાતમી આધારે વટામણ ખાતે વોચ ગોઠવી ભારે જહેમત થી ગુન્હામાં વાપરેલ મારક હથિયાર છરી સાથે આરોપીને ઝડપી પાડેલ

## મરનાર નો મોટા જમાઇ છરી સાથે ઝડપયો

(૧) દશરથભાઇ નરશીભાઇ ગોહીલ કો.પટેલ ઉ.વ. ૩૮ રહે રહે. હાલ રાયપુર તા. ધોળકા જી અમદાવાદ મૂળ રહે હસનપુરા તાબે તામસા તા.ખંભાત જી આંણદ

નાને ગુન્હામાં વાપરેલ લોહીના ડાઘવાળી છરી સાથે અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા પોતાની વડીલો પાર્જીત જમીન સંબઘે પોતાના ભાઇઓ સાથે તકરાર ચાલતિ હોઇ આરોપી એકાદ વર્ષ ઉપર પોતાનુ ગામ છોડી હાલના સરનામે સાસરી માં રહેવા આવેલ અને પોતાના ભાઇઓ ને પોતાની સાસુ મરણ જનાર ચઢમણી કરતી હોવાના કારણે પોતાને ગામ છોડવુ પડેલ છે. તેવો શંક વહેમ રાખી ખૂન કરેલાની કેફીયત આપેલ

## બનાવને અંજામ કેવી રીતે આપ્યો

આ કામના આરોપી પોતાની સાસરી માં સાસુ થી અલગ રહે છે. અને હાલમાં ઉનાળાની ગરમીમાં સાસુ બહાર સુતા હોવાનુ આરોપી જાણતો હોવાથી રાત્રીના સમયે માથે સાલ ઓઢી પોતાની ઓળખ સુપાવી છરી સાથે સાસુના ઘરે આવેલ અને મરણજનાર ને છરીથી ઘા કરી મોત નીપજાવી બનાવ ને અંજામ આપેલ




## (3) પ્રેસનોટ

### માલવાહક ટ્રકની તાડપત્રી કાપી ટ્રાન્સ્પોર્ટના કિમતી માલ સામાનનની ચોરી ના આંતર રાજ્ય ગુન્હા આચરતિ કુખાત્ય કોફીવાલા ગેગના માસ્ટર માઇન્ડ મુખ્ય સુત્રધારને ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય, એલ.સી.બી.,

રાજ્યમાંથી પસાર થતા હાઇવે રોડ ઉપરની હોટલો પર પાર્ક થયેલ ટ્રાન્સ્પોર્ટની માલ વાહક ટ્રકની તાડપત્રી કાપી તેમાથી કિમતી માલ સામાનની ચોરી કરી તરખાટ મચાવનાર આંતર રાજ્ય ગુન્હા આચરતિ કુખાત્ય કોફીવાલા ગેગ સંબધે માહિતિ એકઠી કરી ચોક્કસ બાતમી આધારે અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી નિર્લિપ્તરાય સાહબેશ્રી ની સુચના અને માર્ગદર્શન હેઠળ શ્રી એ.વાય બલોચ, પો.સ.ઇ એલ.સીબી અને ટીમે એસ.પી.રીગ રોડ અસલાલી સર્કલ ખાતે વોચ ગોઠવી ઓપરેશન હાથ ધરી ભારે જહેમત થી ગેગના માસ્ટર માઇન્ડ એવા મૂખ્ય સૂત્રધાર ને ઝડપી પાડેલ

### કુખાત્ય કોફીવાલા ગેગ ના મૂખ્ય સૂત્રધાર અને માસ્ટર માઇન્ડ ની અટકાયત

(૧) ઉસ્માન ગની મહંમદ કોફીવાલા (મુસ્લીમ) ઉ.વ ૫૦ રહે નૂર કેઇન સર્વીસ ની બાજુમાં, ગોધરા તા ગોધરા જી પંચમહાલ

નાને ઝડપી આગવી ઢબે પૂછપરછ કરતા પોતાના સાગરીતો સાથે મળી હાઇવે પરની હોટલોમાં પાર્ક થયેલ ટ્રકની તાડપત્રી કાપી ચોરી ઓ કરતા અને આશરે દોઢેક વર્ષ અગાઉ હિમતનગર- પ્રાંતિજ નજીક થી એક ટ્રકમાંથી બુટ-ચંપલના બોક્ષ નંગ- ૨૬૫ ની ચોરી કરેલાની કબૂલાત આધારે તેની અટકાયત કરી ધનિષ્ઠ પૂછપરછ હાથ ધરેલ

## કુલ- ૧૯ થી વધુ ગુન્હા આચરેલાની કબૂલાત

ઉક્ત આરોપીની ધનિષ્ઠ પુછપરછમાં અન્ય સાગરીતો સાથે મળી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ઘણા ગુન્હા આચરેલાની કબૂલાત કરેલ તે પૈકી હિમ્મતનગર – પ્રાતિજ રોડ ઉપર- ૧, જામનગર- ૨, જેતપુર કાઠી- ૧ તથા અન્ય રાજ્યમાં મહારાષ્ટ્ર – ૧૨, એમ.પી.-૧, તમીલનાડુ ના સોમેશ્વર હાઇવે -૧ તથા આંધ્ર પ્રદેશના વિશાખા પટ્ટનમ-૧ મળી કુલ-૧૯ ગુન્હા આચરેલાની કબૂલાત કરેલ છે.

## આરોપીની ગુનો કરવાની પધ્ધતિ

આરોપીઓ હોટલ ઉપર પાર્ક કરેલ ટ્રકો પૈકી મુખ્યત્વે બજારમાં સહેલાઇ થી વેચી શકાય તેવો માલ ભરેલ ટ્રકને ટાર્ગેટ બનાવી મોડી રાતના ટ્રક ડ્રાયવર/ કલિનર ગાઢ નિદ્રામાં હોય તેવો સમય પસંદ કરી ટાર્ગેટ વાળી ટ્રકની બાજુમાં પોતાની ટ્રક લગાવી તાડપત્રી કાપી સીફ્ત પૂર્વક માલ પોતાની ટ્રકમાં ટ્રાન્સફર કરી ચોરી કરતા હતા

## આરોપીનો ગુનાહિત ઇતિહાસ

ઓરોપી અગાઉ ચકચારી ગોધરા કાંડમાં આશરે આઠેક વર્ષ સાબરમતિ જેલમાં રહેલ અને આશરે ત્રણેક વર્ષ ઉપર જેલમાંથી છૂટ્યા બાદ પોતાની ગેગ બનાવી ગુન્હા આચરેલ જેમાં અઢી વર્ષ ઉપર મધ્ય પ્રદેશના અણદા પો.સ્ટે. -૧, બે વર્ષ ઉપર ભરૂચના રાજપીપળા પો.સ્ટે.- ૧, દોઢેક વર્ષ ઉપર બરોડા રૂરલના કરજણ પો.સ્ટે-૧, મળી કુલ-૩ તાડપત્રી કાપી કિમતિ માલ સામાન ની ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.

રાજ્ય ની પોલીસ પોતાની આ પ્રવૃતિથી અજાણ હોય તો પોતાની ઓળખ છુપી રહે તેવા સંજોગોમાં બહારના રાજ્યની પોલીસ સળતાથી પકડી ન શકે તેવા આશય થી આરોપી મુખ્યત્વે રાજ્ય બહાર અન્ય રાજ્યને ટાર્ગેટ

બનાવી ગુન્હા આચરતા હતા. જેમાં પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં વધુ ગુન્હા આચરેલ છે.




આમ સપ્તાહ દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય જીલ્લા એલ.સી.બી ધ્વારા ગેરકાયદેસર હથિયાર વેચાણ કરતી ટોળકી તથા કોઠ પોલીસ સ્ટેશન ના ખુન કેસના કેસના આરોપીને તેમજ હાઇવે ઉપર પાર્ક કરેલ માલવાહક વાહનોમાંથી કીમંતી માલ સામાનની ચોરીઓ કરતા મુખ્ય સુત્રધારને ઝડપી પાડી ગુન્હા શોધી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(આર.ડી.બરંડા)
ઇ/ચા.પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ